સોનાના ભાવમાં રૂ.૫૨૮ અને ચાંદીમાં રૂ.૧,૩૯૨નો ઘટાડો

મુંબઈ, તા.૨૨

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૦૮૦૩૦ સોદામાં રૂ. ૧૩૭૦૪.૪૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવ ઘટી આવ્યા હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨૮ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૧,૩૯૨ તૂટ્યો હતો. તમામ બિનલોહ ધાતુઓ અને એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટન, સીપીઓ અને રબરના વાયદા ઘટ્યા હતા, જ્યારે મેન્થા તેલ સુધર્યું હતું. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૩૧૫૬૭ સોદાઓમાં રૂ. ૭૧૭૩.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૩૫૫ ખૂલી, ઊપરમાં રૂ. ૪૯૩૯૯ અને નીચામાં રૂ. ૪૮૮૨૫ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૨૮ ઘટીને રૂ. ૪૮૯૨૦ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૩૫ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૯૨૫૯ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૯ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૮૩૭ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૧૭ ઘટીને બંધમાં રૂ. ૪૮૯૦૧ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૬૭૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૬૭૦૦૦ અને નીચામાં રૂ. ૬૫૭૫૧ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩૯૨ ઘટીને રૂ. ૬૫૯૦૮ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ. ૧૩૭૩ ઘટીને રૂ. ૬૫૮૯૮ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ. ૧૩૫૨ ઘટીને રૂ. ૬૫૯૦૧ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૭૬૬૦ સોદાઓમાં રૂ. ૧૮૨૧.૮૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૮૫૯ ખૂલી, ઊપરમાં રૂ. ૩૮૫૯ અને નીચામાં રૂ. ૩૭૭૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૦ ઘટીને રૂ. ૩૭૮૪ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૫૬૪૬ સોદાઓમાં કુલ રૂ. ૬૮૭.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ. ૨૧૧૭૦ ખૂલી, ઊપરમાં રૂ. ૨૧૩૧૦ અને નીચામાં રૂ. ૨૧૧૧૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૦ ઘટીને રૂ. ૨૧૧૮૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૯૨૨.૮ ખૂલી.

પહેલા પાનનું અનુસંધાન

ખેડૂત...

એમ બંનેના હિતમાં છે. ખેડૂતોને ભરમાવવામાં આવી રહ્યા છે અને તેમનો રાજકીય દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. કોઈક એવી તાકાત છે, જે આંદોલન બંધ થાય એવું નથી ઈચ્છતી. કેટલાક લોકો એવા છે, જેમને ખાલી વિરોધ જ કરવો હોય છે. આ તાકાત ખેડૂતોનું હિત પણ નથી ઈચ્છતી. આંદોલનમાં ખેડૂતોનું હિત સર્વોપરી હોવું જોઈએ. જો બીજું કોઈ હિત ઉપર હોય તેનો મતલબ એ કે ખેડૂતોનું હિત સર્વોપરી નથી.અમે આશા રાખીએ છીએ કે આંદોલનમાં અનુશાસન જળવાઈ રહે. અનેક ખેડૂત સંગઠનો અમારા પ્રસ્તાવો સાથે સંમત પણ છે.

કર્ણાટકમાં...

જ ધડાકો થયો હતો. જેથી લોકો ખૂબ જ ડરી ગયા હતા. પરંતુ પાછળથી એવું બહાર આવ્યું હતું કે ભારતીય વાયુસેનાના ફાઈટર જેટએ પરીક્ષણ દરમિયાન સોનિક બૂમ બૈરિયર તોડ્યું હતું. આ વખતે પણ લોકો આના જેવો અનુમાન લગાવી રહ્યા હતા, પરંતુ તે જેટ પરીક્ષણ નહીં પરંતુ ડાયનામાઈટ બ્લાસ્ટ થયો હોવાનું સામે આવ્યું છે.

કોંગ્રેસ...

બેઠકમાં સોનિયા ગાંધીએ ખેડૂત આંદોલન અંગે મોદી સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, મોદી સરકારે સંવેદનહીનતા અને અહંકારની તમામ સીમાઓ પાર કરી દીધી છે. આ કાયદાઓને સરકારે ઉતાવળમાં પાસ કરી દીધા. સંસદમાં કૃષિ કાયદાઓને યોગ્ય રીતે સમજવાનો મોકો આપવામાં ન આવ્યો અને હવે બેઠકોનો દેર ચાલી રહ્યો છે. પહેલાં જ કોંગ્રેસ આ ત્રણેય કાયદાઓને નકાર્યા હતા.

સાથે જ સોનિયા ગાંધીએ કહ્યું કે, રાષ્ટ્રીય સુરક્ષા એક ગંભીર વિષય છે. પાછલા દિવસોમાં જે ગોપનીય માહિતી લીક થવાનો મામલો સામે આવ્યો હતો, તે ગંભીર મુદ્દો છે. જે અંગે સરકાર ચુપ છે. ઉપરાંત તેમણે વેક્સિનેશન અંગે કહ્યું કે, અમને આશા છે કે સંપૂર્ણ પ્રક્રિયા યોગ્ય રીતે પૂરી થશે. કોરોના મહામારી દરમિયાન સરકારની ખોટી નીતિઓએ ઘણું નુકસાન પહોંચાડ્યું છે.

રાજસ્થાનમાં...

૭૫.૬૩ થઈ ગયો છે. આ જ રીતે મુંબઈમાં પેટ્રોલ ૯૨.૦૪ રૂ. અને ડીઝલ ૮૨.૪૦ રૂ. લીટર થયુ છે. ચેન્નઈમાં પેટ્રોલના ૮૮.૦૭ રૂ. તો ડીઝલ ૮૦.૯૦ રૂ. થયુ છે. કોલકતામાં પેટ્રોલનો ભાવ ૮૬.૮૭ રૂ. અને ડીઝલ ૭૯.૨૩ રૂ. થયા છે.

પેટ્રોલ અને ડીઝલના ભાવ તેના સૌથી ઉચ્ચત્તમ શિખરે પહોંચી ગયા છે. જો કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવમાં નરમાશ જોવા મળી છે અને ક્રૂડ ૫૫ ડોલર પ્રતિ બેરલ થઈ ગયુ છે. ભારતીય બાસ્કેટમાં જે ક્રૂડ આવે છે તે લગભગ ૨૦ થી ૨૫ દિવસ જૂનુ હોય છે એટલે કે આજે જે ક્રૂડનો ભાવ છે તેની અસર ૨૦ થી ૨૫ દિવસ બાદ જોવા મળી શકે છે.

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં એકસાઈઝ ડયુટી, ડીલર કમિશન અને અન્ય ચીજો જોડયા બાદ તેનો ભાવ ડબલ થઈ જાય છે. જો કેન્દ્રની એકસાઈઝ ડયુટી અને રાજ્ય સરકારોનો વેટ હટાવાઈ તો ડીઝલ અને પેટ્રોલનો ભાવ લગભગ ૨૭ રૂ. લીટર થઈ જાય પરંતુ કેન્દ્ર હોય કે રાજ્ય સરકાર બન્ને કોઈપણ ભોગે ટેકસ હટાવી નથી શકતી કારણ કે તેની આવકનો મોટો ભાગ આ જ છે.

વિદેશીઓને...

સરકાર જેને ગયા નવેમ્બરમાં લાગુ કરવાની હતી એવા નિર્ણયની એમ કહીને ટીકા કરી છે કે, તેનાથી વૈશ્વિક સમસ્યા વકરી શકે છે. કેનેડાની સીમા સુરક્ષા એજન્સી સીબીએસએ દ્વારા જાણવા મળતા આંકડા મુજબ, કેનેડાએ ૧૨,૧૨૨ જેટલા લોકોને દેશમાંથી જવાનો હુકમ આપ્યો હતો જે તેના આગલા વર્ષની સરખામણીએ ૮૭૫ જેટલા વધારે હતા. સરકારે પોતાનો બચાવ કરતા કહ્યું હતું કે આ જરુરી હતું અને તેને સલામત રીતે પૂર્ણ કરવામાં આવ્યું હતું, અને આંકડો વધારે એટલા માટે લાગે છે, કેમ કે, લોકોએ પોતાની મરજીથી દેશ છોડવાનું નક્કી કર્યું હતું. કેનેડાએ આ પ્રકારે લોકોને દેશ છોડવા મજબૂર કરવાની સમયસીમા માર્ચથી નવેમ્બર સુધી લંબાવી હતી પણ પછી તેને લાગુ કરી હતી. નોંધનીય એ છે કે, કેનેડા પછી હવે બ્રિટન, સ્પેન અને જર્મની જેવા દેશો પણ આ જ માર્ગે જઈને પોતાને ત્યાં વર્ક પરમીટ ધરાવતા પણ નાગરીકત્વ ન ધરાવતા લોકોને દેશ છોડવા ફરમાન કરી શકે છે. જો આમ થાય તો સૌથી મોટો ફટકો ભારતને પડી શકે છે કેમ કે, સૌથી વધારે બિન-નિવાસી નાગરીકો ભારતના દુનિયાભરમાં છે.

બીજીબાજુ, કેનેડા પોતાના દેશમાંથી બિન-નાગરીક લોકોને દેશ છોડવા કહી રહ્યું છે ત્યારે અમેરીકામાં બુધવારે શપથ લેનારા અમેરીકાના નવા પ્રમુખ જો બિડેને પોતાના દેશમાંથી ૧૦૦ દિવસ સુધી લોકોને ફરજીયાત દેશ છોડવા ન કહેવાનો નિર્ણય કર્યો હતો.

છેલ્લા પાનનું અનુસંધાન

ભાજપી...

બિચ્છુગેંગને પાળીપોષીને કરોડો રૂપિયાનો ખંડણીખોર બનવા માટે ભાજપા સરકાર અને વડોદરા ભાજપાના નેતાઓ જ છે. શહેરની પ્રજા જાણે જ છે કે રાજકીય છત્રછાયા વગર કોઈ ટપોરી આટલો મોટો ખંડણીખોર બની શકે નહીં. ભાજપાના નેતાઓ એ જ બિચ્છુગેંગને ધાકધમકી આપી ખંડણી અને લૂંટનું લાઈસન્સ છેલ્લા ૨૦ વર્ષથી આપ્યું હોવાનું અમીને ઉમેર્યું છે.

કોંગ્રેસ પ્રવક્તાએ પડકાર ફેંકતાં જણાવ્યું હતું કે, પોલીસ કમિશનરને લાંબા સમયથી પત્રો લખી ફરિયાદ કરી હતી કે રાતોરાત મોટો ગુનેગાર અને ખૂનખાર ખંડણીખોરના મોબાઈલની કોલ ડિટેઈલ કઢાવો અને ૨૦ વર્ષથી અસલમ બોડિયાને બચાવનાર ભાજપાના નેતાઓ અને ગોડફાધરોની તપાસ કરવી જોઈએ. જમીનો સાથે સંકળાયેલા ભાજપાના કેટલાય ઉચ્ચ પદાધિકારીઓની કિંમતી જમીનો પર કબજો મેળવવા માટે બિચ્છુગેંગનો ઉપયોગ કરાતો હતો.

CHANGE OF NAME
I Have Changed My Name From PARULBAHEN BIPINCHANDRA BHATT To PARULBEN BIPINCHANDRA BHATT
ADD: A/G/10, Harekrishna Apartment, Samta Road, Subhanpura, Vadodara.

MANAPPURAM HOME FINANCE LTD.
મણપ્પુરમ હોમ ફાયનાન્સ લિમિટેડ
અગાઉની મણપ્પુરમ હોમ ફાઇનાન્સ પ્રાઈવેટ લિમિટેડ
CIN: U65923K12010PIC039179
નોંધાયેલી ઓફીસ : IV/ 470A (જૂની) W 638/A (નવી) મણપ્પુરમ હાઉસ વાલાપાડ, થ્રીસુર, કેરાલા ૬૮૦૫૬૭
વ્યવસાયિક ઓફીસ : મણપ્પુરમ હોમ ફાયનાન્સ લિમિટેડ ત્રીજો માળ, યુનિટ નં. ૩૦૧ થી ૩૧૫, A વિંગ, 'કણકીયા વોલ સ્ટ્રીટ અંધેરી–કુર્લા રોડ, અંધેરી પૂર્વ, મુંબઈ ૪૦૦૦૯૩, મહારાષ્ટ્ર. **ફોન નં. :** ૦૨૨-૬૬૨૧૧૦૦૦, **વેબસાઈટ :** www.manappuramhomefin.com

માંગણા નોટીસ

આથી અહીં એક નોટિસ આપવામાં આવી છે કે નીચે આપેલા બોરોવર (દેવાદારો) એ કંપની તેમની પાસેથી મેળવેલી લોન સુવિધાના મુખ્ય અને વ્યાજની ચુકવણી કરવામાં કસુર થયો છે અને લોનને બિન-પરફોર્મિંગ સંપત્તિ (NPA) તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. તેઓને કંપની દ્વારા પૂરી પાડવામાં આવેલ તેમના છેલ્લા જાણીતા સરનામાંઓ પર નાણાકીય અસ્કયામતોની સલામતી અને પુનર્નિર્માણધારાની કલમ ૧૩ (૨) અને સુરક્ષા વ્યાજ (અમલીકરણ અધિનિયમ, ૨૦૦૨) હેઠળ આ સૂચના તેઓને આપવામાં આવી છે, તે ઉપરાંત આ હેતુ માટે નીચે જણાવેલ દેવાદારોને આ જાહેર નોટિસ દ્વારા જાણ કરવામાં આવી રહી છે.

ક્રમ નં.	દેવાદાર / સહ દેવાદારનું નામ /ગેરંટર/લોન ખાતા નંબર/ શાખા	વેચાણ માટેની સિક્યોર્ડ મિલ્કતનુ વર્ણન કે જેમાં હિત ઉત્પન્ન થયેલ છે	NPAની તારીખ	માંગણા નોટીસની તારીખ / અને બાકી રકમ
૧	શ્રી હરેશભાઇ બલવાન પરમાર / શ્રીમતી જ્યોત્સનાબેન હરેશભાઇ પરમાર / MO90HLLONS000005001004 / વડોદરા	ડી - ૧૧૫ અક્ષર ટાઉનશીપ, મામલતદાર કચેરી સામે, વાઘોડિયા, તાલુકો વડોદરા વડોદરા ગુજરાત ૩૯૦૦૧૯	૧૦-૧૨-૨૦	૧૦-૧૨-૨૦૨૦ અને રૂા.૩૫૧૪૪૧.૯૬/-
૨	શ્રી રાજેશકુમાર પ્રતાપ રઘુવંશી / શ્રીમતી સાધનાસીંગ રાજેશકુમાર રઘુવંશી / WVADO0001910/વડોદરા	૯૬૪ પાર્થભૂમિ ૨, આકાશવાણી પાછળ, મકરપુરા રોડ, વડોદરા ગુજરાત ૩૯૦૦૧૦	૦૫-૧૨-૨૦	૦૫-૧૨-૨૦૨૦અને રૂા.૧૧૨૮૦૭૬.૦૪/-

આથી ઉપરોક્ત જણાવેલ દેવાદારો ને જણાવવામા આવે છે કે બાકીની રકમની ચુકવણી કલમ – ૧૩ (૨) હેઠળ નોટિસ આપ્યાના ૬૦ દિવસના સમયગાળા દરમિયાન કરવાની રહેશે, જો તેમ કરવામાં ચુક થાય તો નાણાકીય અસ્કયામતોની સલામતી અને પુનર્નિર્માણ ધારાની કલમ ૧૩ (૨) અને સુરક્ષા વ્યાજ (અમલીકરણ અધિનિયમ, ૨૦૦૨) અધિનિયમની જોગવાઈઓ મુજબ ઉપર જણાવેલ નોટિસ બહાર પાડવાની તારીખથી ૬૦ દિવસની સમાપ્તિ પછી તેઓની સામે પગલાં લેવામાં આવશે.

તારીખ: ૨૩-૦૧-૨૦૨૧
સ્થળ : વડોદરા

Sd/-
અધિકૃત અધિકારી,
મણપ્પુરમ હોમ ફાયનાન્સ લિમિટેડ

VISION EDUCATION TRUST
NATIONAL COLLEGE OF COMMERCE
(Self - Financed College)
OPEN INTERVIEW
FOR PRINCIPAL
- Qualifications and remuneration as per Gujarat University Gujarat State Govt. & as per UGC norms
- Bring original mark-sheets and Certificates. relaxation To S.C., S.T., candidates' as per State Govt. Rules.

Place : National College of Commerce, Nr. Gujarat University, Vijay Char Rasta, Navrangpura, Ahmedabad - 09.
Time : 11:00 a.m. on 25/01/2021
Dr. H. B. Vadhel (Secretary)

VISION EDUCATION TRUST
VISION COLLEGE OF EDUCATION
(Self - Financed College)
OPEN INTERVIEW
FOR LECTURERS
GUJARATI METHOD - 01 & SCIENCE / MATHS - 01
- Qualifications and remuneration as per Gujarat University rules and NCTE norms.
- Candidates with NET/SLET would be preferred.
- Bring original mark-sheets and Certificates. relaxation To S.C., S.T., candidates' as per State Govt. Rules.

Place : Vision College of Education, Nr. Gujarat University, Vijay Char Rasta, Navrangpura, Ahmedabad - 09.
Time : 11:00 a.m. on 25/01/2021
Dr. H. B. Vadhel (Secretary)

GUJARAT INDUSTRIES POWER CO. LTD.
Regd. Office: P.O.: Ranoli – 391 350, Dist.: Vadodara (Gujarat)
Tel. No. 0265 – 2232768, Fax No. 0265 2230029.
Email : investors@gipcl.com Website : www.gipcl.com
CIN – L99999GJ1985PLC007868.

NOTICE

NOTICE is hereby given, pursuant to Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, that the Meeting of the Board of Directors of the Company is scheduled to be held on **Saturday, 30th January, 2021**, inter alia, to consider and approve the Standalone Unaudited Financial Results for the **Third Quarter (Q3)** of FY 2020-2021 ended on 31st December, 2020.

The Shareholders can access above information on Company's website at **http://www.gipcl.com** and website of the Stock Exchanges where Company's shares are listed - **http://www.bseindia.com/** and **https://www.nseindia.com/**.

Date: 21st January, 2021.
Place: Vadodara

For Gujarat Industries Power Co. Ltd.
CS Achal S Thakkar
Company Secretary & Compliance Officer

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન
એન્જિનિયરિંગ વિભાગ
ઈ-નિવિદા નોટિસ નં. મરેપ- વડોદરા 123 વર્ષ 2020-21
ભારતના રાષ્ટ્રપતિ તરફથી મંડળ રેલ વ્યવસ્થાપન (કા/લે) વડોદરા-4 દ્વારા નિમ્નલિખિત કાર્યો માટે ઈ-નિવિદાઓ મગાવવામાં આવે છે.

અ. ક.	નિવિદા નં. અને કાર્યનું નામ	કાર્યનો અંદાજિત ખર્ચ (રૂ.માં)	બાનાની રકમ (રૂ.માં)
1.	ડીઆરએમ બીઆરસી 123 ઓફ 2020-21 પ્રતાપનગરઃ રેલવે હોસ્પિટલમાં અધિકારી વોર્ડ અને ભંડાર કક્ષની જોગવાઈસંબંધિત વિદ્યુતીય કાર્ય સહિત પ્રસ્તાવિત સિવિલ કાર્ય.	19,76,917.69	બોલી સુરક્ષા ઘોષણા અનુસાર

નિવિદા જમા કરવાની અને નિવિદા ખોલવાની તારીખ અને સમયઃ નિવિદાઓ 17.02.2021ના 15.00 કલાક પૂર્વે જમા કરવાની રહેશે અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવામાં આવશે. વેબસાઈટની વિગતો અને નોટિસનું સ્થાન જ્યાં પૂર્વ-જાણકારી જોઈ શકાશે અને કાર્યાલયનું સરનામું જ્યાં નિવિદા ફોર્મ ખરીદી શકાશેઃ વેબસાઈટ @www.ireps.gov.in મંડળ રેલવે વ્યવસ્થાપક ડબ્લ્યુએ/સી, પશ્ચિમ રેલવે પ્રતાપનગર, વડોદરા-4.
BRC-237
અમને લાઈક કરો www.facebook.com/WesternRly અમને ફોલો કરો www.twitter.com/WesternRly

S. E. POWER LIMITED
CIN : L40106GJ2010PLC091880
Regd. Off: Survey No. 54/B, Pratapnagar, Jarod-Savli Road, Samlaya, Vadodara-391520 (Guj.)
Tel.: +91 2667 251566, E-mail: cs@sepower.in, Website: www.sepower.in

EXTRACT OF CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 31ST DECEMBER, 2020

(₹ in Lacs except EPS)

Particulars	Quarter Ended			Year Ended
	31.12.2020	30.09.2020	31.12.2019	31.03.2020
	(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Audited)
Revenue from operations	790.52	638.85	560.79	2044.33
Net Profit for the period (before Tax, Exceptional and/or Extraordinary Items)	(246.14)	(177.42)	(198.04)	(1037.63)
Net Profit for the period before Tax (after Exceptional and/or Extraordinary Items)	(246.14)	(177.42)	(198.04)	(1037.63)
Net Profit for the period after tax	(186.98)	(170.94)	(131.84)	(851.54)
Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	(186.98)	(170.94)	(131.84)	(851.54)
Paid up Equity Share Capital (Face value of Rs. 10/- per share)	4061.00	4061.00	4061.00	4061.00
Reserves excluding Revaluation Reserves (as per balance sheet of previous accounting Year)	—	—	—	—
Earnings per Share (of Rs. 10 each) (not annualised) Basic & Diluted:	(0.46)	(0.42)	(0.32)	(2.10)

Notes:
1) The key standalone financial information of the Company is as under:

Particulars	Quarter Ended			Year Ended
	31.12.2020	30.09.2020	31.12.2019	31.03.2020
	(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Audited)
Revenue from operations	790.53	638.84	558.39	2033.09
Profit before tax	(245.86)	(177.14)	(198.68)	(1040.01)
Profit after tax	(186.56)	(170.72)	(131.65)	(852.13)

2) The above is an extract of the detailed Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Financial Results (Consolidated/Standalone) are available on the website i.e. www.sepower.in and on the Stock Exchanges' websites i.e. www.bseindia.com and www.nseindia.com.

Place : Vadodara
Date : 22.01.2021

For and on behalf of Board of Directors
Sd/-
(SACHIN AGARWAL)
Managing Director

COSMOS BANK
THE COSMOS CO-OP. BANK LTD. (Multistate Scheduled Bank)
Regional Office - II
Cosmos Bank Bhavan, Opp. Sales India, Income Tax Char Rasta, Ashram Road, Ahmedabad-380 009 Tel 079 27545693-94

VIP Road Branch
1-2, Amit Complex, B/S Bright School, VIP Road, Vadodara - 390 018.
Contact : 0265 - 2464376 - 2464377

પરિશિષ્ટ -IV, કબજા નોટીસ - રૂલ - ૮(૧) મુજબ

આથી,અમો નીચે સહી કરનાર ધી કોસમોસ કો. ઓ. બેન્ક લિ. ના ધી સીકયોરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એકટ ૨૦૦૨ અન્વયે ના અધિકૃત અધિકારી છીએ. અમોએ ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૧૨) અને નિયમ-૩, ધી સીક્યુરીટી ઇન્ટ્રેસ્ટ (અનફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ અન્વયે બેંકના બાકીદાર શ્રી નિખીલ હસમુખભાઇ શાહ, રહે. ૨૦૭-૨૦૮, મધુરમ કોમ્પલેક્ષ, સિધ્ધનાથ રોડ, ખંડેરાવ માર્કેટ, ક્રિષ્ણા સિનેમા સામે,વડોદરા, નાઓને ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ **તા.૧૨-૧૧-૨૦૧૯** ના રોજ બાકી નીકળતી રકમ રૂા.૯,૭૮,૮૬૯.૦૦ (અંકે રૂપિયા નવ લાખ, ઇઠ્ઠયોતેર હજાર આઠ સો અગણોસીત્તેર પુરા)વત્તા વ્યાજ, ચાર્જીસ તથા ખર્ચાઓ નોટીસ મળેથી દિન - ૬૦માં ભરપાઇ કરવા બાબતની નોટીસ આપેલ હતી.

ઉપરોક્ત બાકીદારે ડીમાન્ડ નોટીસ મુજબની બાકી રકમ સમય મર્યાદામાં ભરપાઇ કરેલ ન હોવાથી આ નોટીસથી બાકીદાર, જામીનદારો તથા મોર્ગેજર અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, અમો નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૪) અને નિયમ ૮ મુજબ અમોને પ્રાપ્ત થયેલ અધિકારોને રૂઇએ નીચે દર્શાવ્યા મુજબની બાકીદારની મિલકતનો **સાંકેતીક કબજો** તા. **૨૨-૦૧-૨૦૨૧** ના રોજ લીધેલ છે.

આથી બાકીદાર, જામીનદારો તથા મોર્ગેજર અને જાહેર જનતાને ચેતવણી આપી જણાવવામાં આવે છે કે, નીચે દર્શાવેલ મિલક્ત ઉપર **ધી. કોસમોસ કો. ઓપ. બેંક લી. વી.આઇ.પી. રોડ શાખાનો રૂા.૧૧,૫૧,૯૬૯.૦૦**(અંકે રૂપિયા અગીયાર લાખ એકાવન હજાર નવસો અગણોસીત્તેર પુરા) તા. ૩૧.૧૨.૨૦૨૦ ની બાકી રકમ વત્તા વ્યાજ, ચાર્જીસ તથા ખર્ચાઓ વગેરેનો અગ્રહક્ક તથા બોજો હોઇ, મિલકત અંગેના કોઇ પણ વેચાણ, સોદો કે કરાર - મદાર તથા અન્ય રીતે કરાયેલ વ્યવહાર ગેરકાયદેસર અને રદબાતલ ગણાશે અને તે અંગે ઉપરોક્ત બેંકની કોઇ જવાબદારી રહેશે નહિ જેની નોંધ લેવી.

સિકર્યોડ મિલ્કત છોડાવવા ઉપલબ્ધ સમય બાબતે ઉપરોકત એકટ કલમ ૧૩ના સબસ.કશન (૮)ની જોગવાઈ તરફ કરજદારનું ધ્યાન દોરવામાં આવે છે

મિલ્કત નું વર્ણનઃ- શ્રી નિખીલ હસમુખભાઇ શાહની મિલ્કત :- ફ્લેટ નં.-૨૦૭-૨૦૮, એકત્રિત નંબર ૨૦૭, ત્રીજા માળે, મધુરમ કોમ્પલેક્ષ જેનું ક્ષેત્રફળ ૧૦૨૫ ચો.ફુટ. સુપર બીલ્ટઅપ, જેનો સીટી. સર્વે નં ૧૦૯૧,૧૦૯૨, એ- ટીકા નં. ૧૫/૨ મોજે કસબા (વિભાગ બાબાજીપુરા) ડીસ્ટ્રી. અને સબ ડીસ્ટ્રી. વડોદરા.

તારીખ : ૨૨.૦૧.૨૦૨૧
સ્થળ : વડોદરા

ઓથોરાઇઝ ઓફીસર અને ચીફ મેનેજર
ધી કોસમોસ કો. ઓ. બેન્ક લિ., ગુજરાત રીઝનલ ઓફીસ

પશ્ચિમ રેલવે
3 વિશેષ ટ્રેનો
અમદાવાદ - પુના અને ભુજ - પુના વચ્ચે દોડાવશે

ટ્રેન નંબર	મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થળ	શરૂઆતની તારીખ	સેવાના દિવસો	પ્રસ્થાન	આગમન
૦૧૦૪૯	અમદાવાદ - પુના	૨૪-૦૧-૨૦૨૧ થી શરૂ	રવિવાર	૨૦.૨૦ કલાકે	૦૭.૪૦ કલાકે (બીજા દિવસે)
૦૧૦૫૦	પુના - અમદાવાદ	૨૩-૦૧-૨૦૨૧ થી શરૂ	શનિવાર	૨૦.૧૦ કલાકે	૦૭.૩૦ કલાકે (બીજા દિવસે)

રોકાણ : બંને તરફથી નડિયાદ જંકશન, આણંદ જંકશન, વડોદરા જંકશન, ભરૂચ જંકશન, સુરત, નવસારી, વાપી, વસઈ રોડ, ભિવંડી રોડ, કલ્યાણ જંકશન અને લોનાવાલા સ્ટેશન. ટ્રેન નં . ૦૧૦૫૦ દહાણું રોડ અને વલસાડ સ્ટેશનો પર વધારાનું રોકાણ કરશે.

રચના : AC 2 - ટાયર, AC 3 - ટાયર, સ્લીપર કલાસ અને સેકન્ડ કલાસ સીટિંગ કોચીસ.

ટ્રેન નંબર	મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થળ	શરૂઆતની તારીખ	સેવાના દિવસો	પ્રસ્થાન	આગમન
૦૧૦૯૫	અમદાવાદ - પુના	૨૮-૦૧-૨૦૨૧ થી શરૂ	ગુરુવાર	૨૦.૨૦ કલાકે	૦૭.૩૫ કલાકે (બીજા દિવસે)
૦૧૦૯૬	પુના - અમદાવાદ	૨૭-૦૧-૨૦૨૧ થી શરૂ	બુધવાર	૨૦.૧૦ કલાકે	૦૭.૩૦ કલાકે (બીજા દિવસે)

રોકાણ : બંને તરફથી નડિયાદ જંકશન, આણંદ જંકશન, વડોદરા જંકશન, ભરૂચ જંકશન, સુરત, નવસારી, વલસાડ, વાપી, દહાણું રોડ , વસઈ રોડ, ભિવંડી રોડ, કલ્યાણ જંકશન, કરજટ અને લોનાવલા સ્ટેશન. ટ્રેન નં . ૦૧૦૯૫ શિવાજી નગર સ્ટેશન પર વધારાનું રોકાણ કરશે.

રચના : AC 2 - ટાયર, AC 3 - ટાયર, સ્લીપર કલાસ અને સેકન્ડ કલાસ સીટિંગ કોચીસ.

ટ્રેન નંબર	મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થળ	શરૂઆતની તારીખ	સેવાના દિવસો	પ્રસ્થાન	આગમન
૦૧૧૯૧	ભુજ - પુના	૨૭-૦૧-૨૦૨૧ થી શરૂ	બુધવાર	૧૩.૨૫ કલાકે	૦૭.૩૫ કલાકે (બીજા દિવસે)
૦૧૧૯૨	પુના - ભુજ	૨૫-૦૧-૨૦૨૧ થી શરૂ	સોમવાર	૨૦.૧૦ કલાકે	૧૪.૩૦ કલાકે (બીજા દિવસે)

રોકાણ : બંને તરફથી અંજાર, આદિપુર જંકશન, ગાંધીધામ જંકશન, ભચાઉ, સામખિયાળી જંકશન, ધ્રાંગધ્રા, વિરમગામ જંકશન, અમદાવાદ જંકશન, નડિયાદ જંકશન, આણંદ જંકશન, વડોદરા જંકશન, ભરૂચ જંકશન, સુરત, નવસારી, વલસાડ, વાપી, વસઈ રોડ, ભિવંડી રોડ, કલ્યાણ જંકશન, કરજટ અને લોનાવલા સ્ટેશન. ટ્રેન નંબર ૦૧૧૯૧ શિવાજી નગર સ્ટેશન પર અને ટ્રેન નં . ૦૧૧૯૨ દહાણું રોડ અને મણિનગર સ્ટેશનો પર વધારાનું રોકાણ કરશે.

રચના : AC 2 - ટાયર, AC 3 - ટાયર, સ્લીપર કલાસ અને સેકન્ડ કલાસ સીટિંગ કોચીસ.

પશ્ચિમ રેલવેના ક્ષેત્રમાંથી પસાર થનારી ટ્રેનો

ટ્રેન નંબર	મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થળ	શરૂઆતની તારીખ	સેવાના દિવસો	પ્રસ્થાન	આગમન
૦૧૦૮૯	ભગત કી કોઠી - પુના	૨૬-૦૧-૨૦૨૧ થી શરૂ	મંગળવાર	૧૨.૧૫ કલાકે	૦૭.૩૫ કલાકે (બીજા દિવસે)
૦૧૦૯૦	પુના - ભગત કી કોઠી	૨૪-૦૧-૨૦૨૧ થી શર